સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વટાવી લે નામ પછી 'રામ' જેવા ને હટાવી દે!
હે રાજન્ આ લોકોની કકળાટ હાર રટાવી દે!
ચટાવી દે ઝેર પણ સ્વાર્થમાં અંદ સત્તાધીશો -
હે રઘુરામ, 'સ્વામી' જેવા પોપટને એ પટાવી લે!
(શ્રી રાજન્ને સુબ્રમણ્યમનો માનસિક ત્રાસ!)

હાઈકુ

છે નાળિયેર!
'ચૂંટણી'ની હોળીનું -
રોબર્ટ વાડ્રા...

'હેલું ચોમાસું ?!'
ફંટાય છે આગાહી -
વાવાઝોડામાં...

ચિંતન

રાગે દ્વેષે ચ માને ચ દ્રોહે પાપે ચ કર્મણિ ।
અપ્રિય ચૈવ કર્તવ્યે વિરકારી પ્રશસ્યતે ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

'જે વ્યક્તિ રાગ કે દ્વેષ વધારવામાં માન (અપમાન) કે દ્રોહ કરવામાં, કોઈ પાપકર્મ-દુષ્કર્મ કરવામાં કે અપ્રિય કર્મ કરવામાં વિચારપૂર્વક વિલંબ કરે છે તેવાં કર્મ ટાળવા કરે છે અર્થાત તેવાં કામ કરવાથી દૂર રહે છે તે અંતે પ્રશંસાને પામે છે - યશસ્વી બને છે.'

કોઈ પણ સત્કાર્ય - પૂણ્યકાર્ય જેવો વિચાર આવે તે જ ક્ષણે અમલ કરવો જોઈએ. સારાં કામ કદી પણ 'કાલ' - 'પછી' પર ઠેલવા નહીં.

એવી જ રીતે કોઈ પણ ખરાબ વિચાર પાપકર્મ - દુષ્કૃત્યનો વિચાર પણ આવી જાય કે કોઈની દુષ્પ્રેરણા મળે તો પણ તેના અમલ માટે તેના સંદર્ભ - પૂર્વાપર પરિણામોનો વિચાર કરી તેનું અમલીકરણ ઠેલતાં રહેવું જોઈએ. આવું કરી, દુરાચારોથી દૂર રહેનાર સદાય પ્રશસ્તિને પામે છે.

સુવિચાર

- લોભીને કોઈ ગુરુ કે મિત્ર હોતા નથી - **સંસ્કૃત કહેવત**
- વિચારનો ચિરાગ હોલવાઈ જવાથી આચાર બંધ થઈ જાય છે - **વિનોબા ભાવે**
- ભયથી ઉત્પન્ન મૌન પશુતા છે અને સંયમથી ઉત્પન્ન મૌન સાધુતા છે - **હરિભાઉ**
- મૂર્ખ માણસ સુખને દૂરથી વસ્તુ સમજી એને મેળવવા ઈચ્છે છે જયારે બુદ્ધિશાળી માણસ સુખને પોતાના પગ પાસે ઉગાડવાનું ઈચ્છે છે - **કૌટિલ્ય**
- મિત્રના મૃત્યુ કરતાં મૈત્રીનું મૃત્યુ વધુ દુઃખદ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખરેખર મહાન માણસ તે છે જે કોઈના ઉપર સવાર થતો નથી અને પોતાના પર કોઈને સવાર થવા દેતો નથી - **ખલિલ જિબ્રાન**
- તમે પ્રાપ્ત કરવા માટે યોગ્ય થાવ તે પહેલા તમારે આપવા માટે યોગ્ય થવું જોઈએ - **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : કાચું લીલું ટામેટાંનો રસ ખરજવા ઉપર ઘસવાથી ખંજવાળમાં રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

સ્વામી રામદાસ પાસે એક યુવાન આવ્યો. સ્વામીજીના પગ પકડી રડવા લાગ્યો - કહ્યું સ્વામીજી તમે મને આપના શરણમાં લઈ લ્યો! હું સંસારથી ત્રાસી ગયો છું. સગાં-સંબંધી-પરિવાર બધાની મારા પ્રત્યે આકાંક્ષાઓ અપેક્ષાઓ અને ફરજની આશા ઈચ્છાએ મને ગાંડો બનાવી નાખ્યો છે - હું શું કરું? મહેનત કરી તૂટી પડું તો પણ કોઈને 'ખૂશ' કરી શકું તેમ નથી... મને તમારા શરણમાં...

રામદાસજી વચ્ચે જે બોલ્યા - બેટા, એમ છોડીને સાધુ ન થવાય - એ તો ઓલામાંથી ચૂલામાં પડવા જેવું જ છે. તું સધુ થઈશ - આશ્રમ થશે - ગૌશાળા - શાળા - દવાખાના થશે તું મોટો વહીવટદાર થઈ સેવા કરીશ એમાં ન્યાય-અન્યાય, ખટપટ-આવક-ખોટ-વ્હાલાં-દવલાં ફરી નવો સંસાર થશે!! સંસાર હવે ભગવો વેશ ધારણ કરી સેવા સ્વરુપ પહેરશે!!

યુવાન કહે તો સ્વામીજી હું શું કરું? સંત કહે, ભાઈ તું સંસારમાં જ રહીને, નિર્લેપ થઈ જા - સંબંધોમાં ભિંજાયા વિના કોરો રહેતાં શીખ ફરજ-કર્તવ્ય-ન્યાયને ઈશ્વરના સાક્ષીપણા સાથે બજાવ - એ જ સાધુજીવન છે બધું તારું હોવા છતાં કંઈ જ તારું નથી. તું કોઈનો નથી એવી રીતે જીવન ગુજર કર!!

પ્રદૂષણમુક્ત નગરનું બિરુદ સાચવીએ

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દેશના પર્યાવરણની ચિંતા કરનારી અધિકૃત સંસ્થા છે. દિલ્હીમાં આર્ટ ઑફ લિવિંગના ભવ્ય મહોત્સવ વખતે પણ આ સંસ્થાએ કોઈની શેહશરમ રાખ્યા વિના યમુના પટને અપૂરણીય ક્ષતિ પહોંચાડવા બદલ શ્રી શ્રી રવિશંકરનો ઊધડો લીધો હતો અને પાંચ કરોડનો દંડ ફટકાર્યો હતો તે સર્વવિદિત છે. શ્રી શ્રી રવિશંકર પાસે ૨૫ લાખ તાત્કાલિક ભરાવ્યા હતા અને બાકીની રકમ નિશ્ચિત મુદત દરમિયાન ભરી દેવા તાકીદ કરી હતી, જેમાં છટકબારીઓ શોધતા શ્રી શ્રી રવિશંકરને ફરી એક વાર ઉગ્ર ઉઘરાણી કરીને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની નિષ્ઠાનો પરિચય આપ્યો છે. દિલ્હીમાં વાહનોનું પ્રદૂષણ વધી જતાં દેશનું પાટનગર ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગયું હોવાનું નિરીક્ષણ કરી સુપ્રીમ કોર્ટે કેન્દ્ર તેમજ દિલ્હીની રાજય સરકારને તાકીદ કરી હતી. રાજય સરાકરે સવિશેષ ડિઝલ વાહનોનો કારણે થતા વાયુ-પ્રદૂષણને રોકવા એકી-બેકી (ઑડ-ઈવન) પદ્ધતિ અજમાવવાની કોશિશ કરી પણ એમાં ધારી સફળતા નહીં સાંપડતાં ડિઝલ વાહનોનું રજિસ્ટ્રેશન બંધ કરવાનો અને નિશ્ચિત સમય મર્યાદામાં ડિઝલ વાહનો દિલ્હી પૂરતાં સદંતર પ્રતિબંધિત કરવાનો વિચાર વહેતો કર્યો હતો. જો કે પ્રદૂષણ માત્ર વાહનોથી જ થતું નથી. ઉદ્યોગોનું પ્રદૂષણ પણ શહેરના વાતાવરણને વિપરીત અસર કરે છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા દરેક રાજયને એનાં મુખ્ય શહેરો પૈકી સૌથી વધુ અને સૌથી ઓછું હવાઈ પ્રદૂષણ ધરાવતાં શહેરોની યાદી આપવા તાકીદ કરી હતી. ગુજરાત સહિત ઘણા રાજયોએ આ તાકીદનો અપેક્ષિત પ્રતિસાદ નહીં પાઠવતા રાષ્ટ્રીય પર્યાવરણ સંસ્થા દ્વારા સુપ્રીમ કોર્ટમાં ઘા નાખવામાં આવી હતી, જેના પગલે ગુજરાતના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂ કરેલ યાદીમાં રાજયનાં સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં અમદાવાદ, મોરબી, વડોદરા, સુરત અને અંકલેશ્વરનો સમાવેશ કરાયો છે જયારે સૌથી ઓછા પ્રદૂષિત શહેર તરીકે પાટનગર ગાંધીનગરનો ઉલ્લેખ કરાયેલ છે. ગાંધીનગર દેશનાં હરિયાણાં નગરોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતની રાજધાની તરીકે નવી વસાહત ઊભી કરતી વખતે ચંડીગઢ પેટર્ન પર વિકસાવાયેલા શહેરમાં રાજયના વનવિભાગ દ્વારા વિશાળ વનવિસ્તાર ઊભો કરાયો હતો. કાળક્રમે વિકાસની લાયમાં આ વનવિસ્તાર ટૂંપાતો રહ્યો છે, જેની વિપરીત અસર આ ઉનાળામાં નગરવાસીઓએ વિક્રમજનક ગરમી તરીકે અનુભવી છે. અમદાવાદ જેવા પ્રદૂષિત કે વાહનો કરતાં વિશાળ ડામરના રસ્તાઓ અને ઠેર ઠેર ફૂટી નીકળેલ સિમેન્ટ કોંકીટનાં જંગલો જ એ ગુજરાતનું સૌથી 'શુદ્ધ' પર્યાવરણ ધરાવતું નગર છે. પરંતુ વિકાસનો એરું આભડતાં એની આ પ્રતિષ્ઠા સામે જોખમ તો તોળાઈ જ રહ્યું છે. ગાંધીનગરવાસી પ્રમુદ્ધજનોએ આ મુદ્દે વેળાસર ચેતવવાની જરુર છે. જરુર પડ્યે સરકાર સામે શિંગડાં ભરાવવાની પણ તૈયારી રાખવી પડશે. જવાબદાર છે. ગાંધીનગરની સરહદ બહાર જે નવું ગાંધીનગર વિકસી રહ્યું છે તે સમય જતાં ગાંધીનગરની પ્રદૂષણ મુકત પાટનગરની ઈમેજને નેસ્તનાબૂદ ન કરે તેની કાળજી રાખવી પડશે. ગાંધીનગરમાં કાર્બન ઉત્સર્જન કરતાં કારખાનાં સ્થાપવાની છૂટ નથી, એથી આજે

તંત્રીસ્થાનેથી...

શોજગારીના પ્રશ્નની સમજ અને ઉકેલ માટે ગાંધીજીના સૂચનો

અર્થતંત્રનું સીધું ને સચોટ જ્ઞાન એટલે મહાત્મા ગાંધીનો પાઠ્યક્રમ

અત્યારે સમગ્ર દેશમાં શાળા અને કૉલેજોમાં પ્રવેશની મૌસમ ચાલી રહી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સૌથી અગત્યનો પ્રશ્ન એ છે કે કયા અભ્યાસક્રમમાં જાય તો રોજગારી સહજતાથી મળી શકે. અલબત્ત આ પ્રશ્ન કાંઈ આજના જમાનાનો નથી. આગળ પણ આવી સ્થિતિ હતી જ. પરંતુ આજે આખું વિશ્વ બજાર ઉપર અવલંબે છે. ત્યારે રોજગાર ક્ષમતાનો પ્રશ્ન સહુ કોઈ માટે 'હિમાલય' જેટલો મોટો પ્રશ્ન બન્યો છે. મજાની વાત એ છે કે આપણા દેશમાં મેડીકલ સિવાય લગભગ કોઈ એવી શાખા નથી કે જયાં સમયે સમયે રોજગારીનો પ્રશ્ન ઊભો થયો ના હોય! થોડા વર્ષો પહેલા ફાર્મસી પ્રવેશનો ચાલ બહુ ફાલ્યો હતો. પરંતુ ગુજરાત સિવાયના અન્ય રાજયોએ ફાર્મા કંપનીઓ ઊભી કરવામાં જે રાહત-પેકેજીસ આપ્યા એ પછી ઘણી કંપનીઓએ ગુજરાતમાંથી અન્ય રાજયોમાં પોતાના એકમો સ્થાપ્યા અને ઉત્પાદન શરુ કર્યા. એની અસર એવી થઈ કે ફાર્મસીના ડિગ્રીધારક ગુજરાતી યુવાનોને નોકરી મેળવવામાં મુશ્કેલી પડવા લાગી.

આમ, સમગ્રયતા જોઈએ તો સ્થિતિ એવી છે કે નોકરી મળશે જ એની કોઈ ખાતરી નથી. પ્રશ્ન પેચીદો છે પણ એનું કારણ સમજવા જેવું છે. શિક્ષણનું કામ રોજગારી સર્જનનું નથી. રોજગારી સર્જનનું કામ તો અર્થતંત્રનું છે જો અર્થતંત્ર જે તે ક્ષેત્રમાં ખોરવાઈ જાય તો એ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને નોકરી ક્યાંથી મળી શકે?

એટલે કે રોજગારીનો મૂળ પ્રશ્ન શિક્ષણ સાથે નહીં આર્થિક બાબતો સાથે જોડાયેલો છે. મહાત્મા ગાંધીએ આપણા અર્થતંત્રને મજબૂત બનાવવા માટે ભારતીય અર્થશાસ્ત્રનો પાઠ્યક્રમ આપ્યો છે. જો કે અર્થશાસ્ત્રનો પાઠ્યક્રમ એ માત્ર અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓને લાગુ પડતો નથી એ સમજવું જોઈએ.

ગાંધી કહેતા કે આપણા અર્થશાસ્ત્રના પાઠ્યક્રમને (અહીં અર્થતંત્ર એમ સમજવું) વિશ્વના અર્થશાસ્ત્ર સાથે નહીં, પરંતુ ભારતીય અર્થશાસ્ત્ર સાથે સંબંધ છે. કારણ કે એક દેશનું અર્થશાસ્ત્ર બીજા દેશોના અર્થશાસ્ત્રથી થોડીઘણી બાબતોમાં જુદું પડે છે. શહેરો અને ગામડાંની દૃષ્ટિએ વિચારીએ તો હજુ પણ વધારે જુદું પડે છે. ભારતની સંસ્કૃતિ તેના ગામડાંની સ્થિતિ પર અને તેમના સંપૂર્ણ વિકાસ પર અવલંબે છે એમ માનીને મહાત્મા ગાંધીએ કૉલેજના વિદ્યાર્થીઓને કામ કરાવીને અર્થશાસ્ત્રની સમજ આપવા ભાર મૂક્યો હતો.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધીએ સૂચન કર્યું હતું કે અધ્યાપકોની રાહબરીમાં વિદ્યાર્થીઓની પાસેથી ગામડાને લગતી હકીકતો એકત્રિત કરાવવી જોઈએ. આ રીતે વિદ્યાર્થીઓ સીધી રીતે આર્થિક બાબતો પણ સમજતા થશે અને પદાર્થ પાઠ મેળવતા થાય.

વિદ્યાર્થીઓ પાસે ગામના સ્ત્રી-પુરુષો, છોકરા-છોકરીઓની સંખ્યા, ત્યાં ચાલતાં ઉદ્યોગો, તેમાં રોકાયેલા લોકોના તેમજ એમાંથી થતી આવક, માથાદીઠ જમીન, કયાં અનાજ પેદા થાય છે, ખાતર કેવા પ્રકારનું અપાય છે, ઓજાર કેવા હોય છે, ખાતર કયું આપવામાં આવે છે તથા છેલ્લા ૧૦ વર્ષમાં ઉપજ અને આવક કેટલી એની માહિતી મેળવવા પર ભાર મૂક્યો હતો. ખેડૂત હિસાબકિતાબ રાખે છે એ પણ માહિતી મેળવા તેઓ કહેતા હતા.

આ પ્રમાણે જેટલા ગામમાં વિદ્યાર્થીઓની ટુકડી ગઈ હોય એમની બધા ગામની ટુકડીઓએ મેળવેલી માહિતી સામગ્રી ભેગી કરીને એમાંથી ફલિત થતાં પરિણામોની બીજા ખેતીપ્રધાન દેશોની સાથે સરખામણી કરવી જોઈએ. જેના આધારે આપણા દેશની સ્થિતિ ખબર પડે અને કોઈ નવું આયોજન કરવું હોય તો થઈ શકે.

તા.૧૭ ઑકટોબર ૧૯૨૯ના 'હિન્દી નવજીવન' માં 'ભારતીય અર્થશાસ્ત્રનો પાઠ્યક્રમ' એ મથાળા સાથે છપાયેલા લેખના અંતભાગમાં મહાત્મા ગાંધી નોંધ લખે છે :

'જો દર વર્ષે નવાં વિદ્યાર્થીઓ આ જ પ્રમાણે અર્થશાસ્ત્રનો અભ્યાસ કરે તો તેમાં તેને નુકશાન થવાનો કશો સંભવ નથી. એટલું જ નહીં આ રીતે કામ કરતા રહેવાથી નવી શોધ કરી શકાય અથવા સ્વીકારેલા પરિણામ દિવસે દિવસે વધારે દૃઢ બની શકે.'

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૨, પૃષ્ઠ : ૮

(લેખક : ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

માનવ સ્વભાવનું મહાકાવ્ય

વાંસલડી ડોટ કોમ,
મોર પીંછ ડોટ કોમ,
ડોટ કોમ વૃંદાવન આખ્ખું,
કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે કે
કયા કયા નામ એમાં નાખું.

-કૃષ્ણ દવે

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

(લેખાંક-૧)

વાતે વાતે જયશ્રીકૃષ્ણ બોલનારી આપણી ધર્મ પ્રધાન પ્રજા કૃષ્ણ વિશે વાંચવામાં ભારે આળસું છે. કૃષ્ણને હવે હવેલીમાં નહીં, વિશ્વના વિરાટ ફલક પર પામવાના છે. આજનું ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર ઈન્ટરનેટને કારણે વિરાટ બની ગયું છે. નવી પેઢીને હવે સાઈબર-કૃષ્ણ ધ્વારા પ્રબોધાતા ધર્મની વ્યાપકતા અને સુક્ષ્મતા ગમી જાય તેમ છે. આજની નવી પેઢી જયારે યુધિષ્ઠિરની યુધિષ્ઠિરતા, અર્જુનની અર્જુનતા, દૂર્યાનની દૂર્યોધનતા, દ્રૌપદીની દ્રૌપદીતા, કર્ણની કર્ણતા, ભીષ્મની ભીષ્મતા ઉપરાંત યુગાવતાર કૃષ્ણની કૃષ્ણતા સમજશે ત્યારે ભાર ગરીબ નહીં હોય. મોડર્ન મેનેજમેન્ટ સાથે ગીતાનો અનુબંધ થાય તો દેશની ગરીબી ટકી જ ન શકે.



મહાભારત-માનવસ્વભાવનું મહાકાવ્ય આ ગ્રંથ ગુણવંત શાહ રચિત છે જે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને લેખકે અર્પણ કર્યો છે. ૬૬૪ પાનામાં લખાયેલ આ ભાષ્યને વાંચતા તેની દિવ્યતા અને ભવ્યતાનો ખ્યાલ આવે છે.

ભારત દેશમાં ખૂબ ઓછા લોકો હશે જેમણે મહાભારત વાંચવાનું સાહસ કર્યું હોય. તેમાંય આખ્ખું મહાભારત વાંચનારા વિરલાઓની સંખ્યા તો ખૂબ જ ઓછી હોવાની. ભારતના સરેરાશ લોકોનું મહાભારત અંગેનું જ્ઞાન એટલે ટીવી સીરિયલરૂપે આવતી શ્રેણી મહાભારતમાં બતાવવામાં આવેલા એપીસોડ પૂરતું મર્યાદિત કહી શકાય.

ગુણવંત શાહ રચિત માનવ સ્વભાવના મહાકાવ્યને વાંચતા ભારતીય સંસ્કૃતિ અને તેની સુંદરતા પર વધુ માન ઉપજે છે. કૃષ્ણ લાગતા હતા એથી વધુ વ્હાલા લાગવા માંડે છે. કૃષ્ણ સહિતના તમામ પાત્રો આપણી સાથે વાત કરતાં હોય એમ લાગે. પાત્રોની સાથે બનતી ઘટનાઓનું અર્થઘટન આપણા જ્ઞાન અને સમજમાં ચોકકસ પણે વધારો કરે છે. ભીમ, નકુલ, સહદેવ, દ્રૌપદી, અર્જુન, યુધિષ્ઠિર એક વ્યકિત તરીકે આપણી સમક્ષ રજૂ થાય છે. પરિણામે પોતીકા લાગે છે. લેખકે કરેલું માનવ સ્વભાવનું અર્થઘટન આપણી સમજને એક ઊંચાઈ બક્ષે છે.

આ ગ્રંથ વાંચતી વખતે આપણને તેનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક સંભળાતુ જ રહે છે. કયુ જાણો છો :

કરિષ્યે વચનં તવ.

અને હા, વાચકોએ એક ખોટા ખ્યાલમાંથી બહાર નિકળી જવું પડે કે આ ગ્રંથ મહાભારતની કહાની નથી. કે ભાગવત કથા નથી. પરંતુ માનવ સ્વભાવને પામવાની મથામણ છે.

મહાભારતમાં શું નથી ? તેવા એક પ્રશ્નના જવાબમાં વિનોબાજી કહે છે - વ્યાસજી મહાભારતમાં પાંડવોને તેર વરસ જંગલમાં મોકલે છે. અને આપણને પણ એમની પાછળ પાછળ ફેરવે છે. નદી, પર્વત, જંગલો ખૂંદતાં-ખૂંદતાં તેઓ જાય છે, તો આખી ભૂગોળની જાણકારી વ્યાસજી આપણને આપતા જાય છે. દ્રૌપદી કયારેક કોઈ ઋષિને પૂછે છે : અરે ! અમારા જેટલી તકલીફ કયારેય કોઈએ સહન કરી હશે ? તો ઋષિ જવાબ આપે છે : હા, સીતાને પણ આવી તકલીફ સહન કરવી પડી હતી અને એમ કહીને આખું રામાયણ સંભળાવશે. મહાભારતમાં થોડામાં બહુ જ સુંદર રામાયણ આપણને વાંચવા મળે છે. આવી જ રીતે નળ-દમયંતી, સાવિત્રી વગેરેની કથાઓ પણ મહાભારતમાં આપણને મળે છે.

મહાભારતનું આટલું મર્મસ્પર્શી અર્થઘટન મારા વાંચવામાં આવ્યું નથી. યુગે-યુગે નૂતન કૃષ્ણ જૂજવે સ્વરૂપે પ્રગટ થતા જ રહે છે. આવા નિત્યનૂતન એવા નિત્ય સંન્યાસી કૃષ્ણને સમજવાનો પ્રયત્ન આ ગ્રંથમાં થયો છે. આપણા વ્યકિતગત લાઈંગ સાથે સતત જોડાયેલું યુનિવર્સલ બીઈંગ એ જ કૃષ્ણતા છે. (ક્રમશ :)

મિસરી

મારી વૈજ્ઞાનિક શોધ તથા મારી થિયરીઓની રચનામાં પ્રેરણા અને માર્ગદર્શનના મુખ્ય સ્રોત તરીકે મેં ગીતા ઉપરાંત સંસ્કૃત સાહિત્યને સાથે રાખ્યાં હતાં.

- આઈનસ્ટાઈન (ધ હિન્દુ તા. ૧૫.૧૨.૨૦૦૨)

ગુજરાતી સુપ્રસિદ્ધ હાસ્યલેખક વિનોદ ભટ્ટને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'રમણલાલ નીલકંઠ હાસ્ય પારિતોષિક' - ૨૦૧૬ અર્પણ કરાશે

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● જાણીતા કવિ પિયૂષ પંડ્યાના મુક્તકોના સંગ્રહ 'બકુલ જૂઈ પારિજાત' નું વિમોચન જાણીતા શિક્ષણવિદ્ અને સમાજસેવિકા શ્રીમતી ઉષાબેન જાનીના હસ્તે શ્રી રામકૃષ્ણદેવ જન્મજયંતિદિને કરવામાં આવ્યું. પિયૂષ પંડ્યાના ૧૩ પુસ્તકો પ્રગટ થયા છે અને આ મુક્તક સંગ્રહમાં ૫૪૮ મુક્તકો રજૂ કરવામાં આવ્યાં છે.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને કવિરાજ કોમ્યુનિકેશન દ્વારા, પ્રજ્ઞાચક્ષુઓમાં રહેલી કાવ્યસર્જનની સર્જકતા પાંગરે અને સમાજના મુખ્યપ્રવાહમાં તેમની સર્જકતાનો અવાજ મૂકી શકાય તે હેતુથી કાવ્યપાઠનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં પ્રજ્ઞાચક્ષુ કવિઓએ પોતાની કવિતાઓ રજૂ કરી હતી અને રાજેશ વ્યાસ 'મિસ્કીન' અને ચંદ્રકાન્ત શેઠે' કવિઓને માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જશુભાઈ કવિએ કર્યું હતું.

● અસાઈત સાહિત્ય સભાના 'માણેક મહોત્સવ' નિમિત્તે, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજય સંગીત-નાટક અકાદમી અને બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ અને એમ.એચ.ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાના સહયોગથી 'નાટક અને રંગભૂમિ વિષય પર ત્રણ દિવસનો સમારંભના અધ્યક્ષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, ગુજરાતી રંગભૂમિના જાજરમાન અભિનેત્રી દામિની મહેતા અને ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ સર્જક ચીનુ મોદી અને અસાઈત સાહિત્ય સભાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી વિનાયક રાવલ ઉપસ્થિત રહ્યા હતા. ભાગ્યેશ જહાએ સાહિત્ય, નાટક અને રંગભૂમિની સાંપ્રત પરિસ્થિતિ અને તદ્વિષયક્ ચિંતન અંગેની વાત કરી હતી. દામિની મહેતાએ જૂનાં નાટકો, ભવાઈ અને સાંપ્રત કલાકારોની વાત કરી હતી. દાયકાઓથી નાટક-ભવાઈ વેશોની રજૂઆત કરી, પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. જાણીતા નાટ્ય-વિવેચક ઉત્પલ ભાયાણીએ 'ગુજરાતી નાટક : સ્થિત્યંતરો : મુંબઈની રંગભૂમિના સંદર્ભમાં અને ડૉ. એસ.ડી. દેસાઈએ 'ગુજરાતી નાટક : સ્થિત્યંતરો અમદાવાદની રંગભૂમિના સંદર્ભમાં' વિષય પર ગહન અભ્યાસલેખ રજૂ કર્યા હતા. ભાનુપ્રસાદ ઉપાધ્યાયે જૂની રંગભૂમિના સંગીત વિષે વાત કરી હતી.' 'વિશ્વ રંગભૂમિ દિને, નાટક, રંગભૂમિ અને હું' વિશે શૈલેષ ટેવાણી (રાજકોટ), પિયૂષ ભટ્ટ (નવસારી), રાજુજી પરમાર (વિસનગર), આશિષ ઠાકર (મહેસાણા) અને શ્રી ઘનશ્યામ ગઢવી (અમદાવાદ) એ રંગભૂમિ સાથે પોતાનો નાતો, તેના માટે વેઠવા પડેલા સંઘર્ષો અને તેમાંથી પાર ઉતરવાનો આનંદ વિષયક રજૂઆતો કરી હતી. ચિનુ મોદીએ પણ નાટક સાથે પોતાનો નાનો અને સમાજ માટે નાટકની જરુરિયાતો અંગે વાત કરી હતી. શ્રી નિર્મિશ ઠાકર (અમદાવાદ) કમલ જોશી (લુણાવાડા), રાજુ બારોટ (અમદાવાદ) અરવિંદ પંડ્યા (હિંમતનગર) એ પોતાનો નાટ્યપ્રેમ, તે માટેના પ્રેરક પરિબળો, સંઘર્ષો અને તેમાંથી જડેલી - આવી મળેલી સફળતા, જિંદગી જીવ્યાની અનુભૂતિ અને આનંદની કૅફિયત રજૂ કરી હતી. મનુભાઈ પંચોળી 'દર્શક'ની નવલકથા ઉપર આધારિત અને શ્રી રાજુ બારોટ દિગ્દર્શિત નાટક 'સોકેટીસ' રજૂ થયું હતું.

● સંસ્કારમિલન - વલસાડના ઉપક્રમે સાહિત્ય-સેવી મહેશ દલાલના સૌજન્યથી 'વલસાડી હાઈકુ' કાવ્યસંગ્રહનો લોકાર્પણવિધિ કાર્યક્રમ જાણીતા લેખક જનક નાયક તથા સંગીતસેવી રશ્મિકાન્ત શેઠના હસ્તે યોજાઈ ગયો. આ પ્રસંગે ૪૮ જેટલા હાઈકુકારોની સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કાર મિલનનાં મંત્રી અમૃત કે. દેસાઈએ કર્યું હતું.

● અમરેલીમાં તા. ૧૦-૪-૨૦૧૬ના રોજ સાહિત્ય સંસ્થા 'સંવાદ' દ્વારા કાવ્યગોષ્ઠિનું આયોજન થયું હતું, જેમાં કવિશ્રી હર્ષદ ચંદારાણા, હરેશ વડાવીયા, બાલકિશન જોશી, હાર્દિક વ્યાસ, મુકેશ દવે, પરેશ ગોધાસરા, પરેશ જાની, વિમલ અધ્યારુ, પરેશ મહેતા, વિગેરેએ પોતાની કાવ્ય રચનાઓ રજૂ કરી હતી.

● સુરેન્દ્રનગર ખાતે પૂ. મોરારિ બાપુની નિશ્રામાં 'કવિશ્વર દલપતરામ એવોર્ડ' અર્પણ સમારોહ ઊજવાઈ ગયો, જેમાં ગઝલકાર નયન હ. દેસાઈને આ એવોર્ડ (રૂા. ૨૫ હજાર) એનાયત થયો. મુખ્ય અતિથિ તરીકે કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' તથા ભદ્રાયુ વચ્છરાજાનીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.



આ સમારંભમાં હળવદના કવિ અને ગઝલકાર સોલિડ મહેતાના બે ગઝલસંગ્રહો 'શબ્દાયન' અને 'સંભૂતિ'નું વિમોચન પૂ. મોરારિ બાપુના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. આભારવિધિ વિનુભાઈ મહેતાએ અને સમગ્ર સમારોહનું સંચાલન ડૉ. કનૈયાલાલ ભટ્ટ અને રીયા મહેતાએ કર્યું હતું.

● ગુજરાતી સુપ્રસિદ્ધ હાસ્યલેખક વિનોદ ભટ્ટને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'રમણલાલ નીલકંઠ હાસ્ય પારિતોષિક' - ૨૦૧૬, તા. ૮-૬-૨૦૧૬ના રોજ અર્પણ કરાશે.